GJPM130002752011

Presented on : 10-10-2011
Registered on : 10-10-2011
Decided on : 27-01-2025
Duration : 13 years, 3 months, 17 days

**પંચમહાલ જીલ્લાની મજુર અદાલત કોર્ટ નં.૨ ના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલ કમિશનરશ્રી સાહેબ સમક્ષ,ગોધરા.**

**કામદાર વળતર(નોન ફેટલ)અરજી નં.૧૪/૨૦૧૧**

**આંક : ૩૭**

**અરજદાર:-** ગુજરનાર સુરેશભાઈ ભીખાભાઈ મહેરા ઉ.વ.૩૨,
ના વારસદારો

(૧) કંકુબેન તે સુરેશભાઈ ભીખાભાઈ ઉ.વ.૩૨
મહેરા (ભોઈ) વિધવા

(૨) સ.જયશ્રી સુરેશભાઈ મહેરા ઉ.વ.૧૬

(૩) સ.અજય સુરેશભાઈ મહેરા ઉ.વ.૧૪

(૪) સ.નિરજ સુરેશભાઈ મહેરા (ભોઈ) ઉ.વ.૧૧

તમામ રહે:- મુ.બાર (ચાંપેલી), તા.વિરપુર, જી.ખેડા.

**-:વિરૂધ્ધ:-**

**સામાવાળા:-** (રીક્ષા છકડા નં. જીજે-૧૭ યુ-૫૦૧૬ ના માલીક અને વીમા કું)

(૧) જયંતિભાઈ રૂધાભાઈ ભોઈ
મુ.ઢેસીયા, તા.લુણાવાડા, જી.પંચમહાલ.

(૨) ઘી ઓરીએન્ટલ ઈન્સ્યો.કંુ.લી.
સુપર માર્કેટ, એલઆઈસી રોડ,
ગોધરા, જી.પંચમહાલ.

**<u>વિષય:–     વર્કમેન કોમ્પનશેસન એકટ હેઠળ વળતર મેળવવાની અરજી.</u>**

**હાજર રહયા:**

અરજદાર તરફે:–                :– વિ.વ.શ્રી બી.આઈ.ઠકકર
સામાવાળાનં.૧ તરફે           :– ગેરહાજર
સામાવાળાનં.ર તરફે           :– વિ.વ.શ્રી  એસ.પી.મહેતા

**–:: હુકમ ::–**

(૧) અમો અરજદાર ઉપરોકત ઠામ ઠેકાણે રહીએ છીએ અને આ કામના સામાવાળા નં.૧ ની માલીકીના રીક્ષા છકડા ઉપર છેલ્લા ઘણા સમયથી ડ્રાયવીંગ કામ કરતા હતા. અમો અરજદારની ટુંક હકીકત એવી છે કે, તા.પ/૩/ર૦૦૬ ના રોજ અમો અરજદાર આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોઈ, અને તેમનો રીક્ષા છકડો વિરપુરથી સોઠંબા ફેરવતા હોય, અમારી નોકરીના ભાગરૂપે આ સામાવાળા નં.૧ ના રીક્ષા છકડા નં.જીજે–૧૭–યુ–પ૦૧૬ નો લઈને અમારા ઘરેથી બાલાસિનોર તરફ આવતા હતા, તે વખતે અમો મોજે લાલસર ચોકડી પાસેથી પસાર થઈ રહયા હતા, દરમિયાન અમારી રીક્ષા છકડાની સામેથી એક ટેમ્પો આવતા હોઈ, જેથી અમારો રીક્ષા છકડો રોડની સાઈડમા લેવા જતા રોડ કાચો હોઈ, અમારી રીક્ષા છકડો રોડની નીચે પલ્ટી ખાઈ ગયેલો જેથી અમો અરજદારને શરીરે ગંભીર ફેકચર સહીતની ઈજાઓ થયેલી. જેથી અમો અરજદારને શરીરે ગંભીર ફેકચર સહીતની ઈજાઓ થયેલી. જેથી અમો અરજદારને શરીરે ગંભીર ફેકચર સહીતની ઈજાઓ થયેલી. જેથી સદરહું અકસ્માત અંગની ફરીયાદ કોઠંબા પોલીસ સ્ટેશનમા ફ.ગુ.રજી.નં. પ૧/ર૦૦૭ થી આપવામાં આવેલ છે. સદરહું ફરીયાદ આધારે પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. જે ફરીયાદ તથા પંચનામુ આ કામે લીસ્ટથી રજુ કરેલ છે. અમો અરજદારને સદરહું અકસ્માતમા માથાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ ફેકચર ૪૦ ટાંકા લેવા પડયા હતા. જમણા થાપામા ફેકચર પેલ્વીસનું ફેકચર, ઓપરેશન કરી પ્લેટ નાંખેલ છે, પેટના ભાગે ગંભીર ઈજાઓ થતા પેટના આંતરડા કરી પ્લેટ નાંખેલ છે, પેટના ભાગે ગંભીર ઈજાઓ થતા પેટના આંતરડા બહાર નીકળી ગયેલા પેટના આંતરડાનું ઓપરેશન કરવામાં આવેલુ, બંને હાથોમા ઈજાઓ, આંખો ઉપર ઈજાઓ તથા શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ થયેલ હોવાથી અમો અરજદારે તાત્કાલિક બાલાસિનોર સરકારી દવાખાનામા પ્રાથમીક સારવાર લીધી હતી. તે બાદ વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પીટલમા દાખલ થયેલા અને લાંબા

સમય સુધી અંદરના દર્દી તરીકે દાખલ થઈ અનેક ઓપરેશન કરાવેલ, તેમજ લાંબા સમય સુધી બહારના દર્દી તરીકે પણ સારવાર લીધી છે. જેથી અમો અરજદારને ડોકટરની સલાહ મુજબ ઓપરેશન પાછળ રૂા.૫૦,૦૦૦/- જેટલો ખર્ચો થયેલ છે. અમો અરજદારને બહારના દર્દી તરીકે પણ લાંબો સમય સારવાર લેવી પડી હતી. આ સાથે લીસ્ટથી અમો અરજદાનુ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. તેમજ અમો અરજદાર પાસે સારવાર અંગેના જે કાંઈ કાગળો હતા તે કાગળો કેસ પેપર તથા દવાઓ અંગેના બીલો હતા, તે પણ આ સાથે રજુ કરેલ છે. અમો અરજદાર આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને માસીક રૂા.૪,૦૦૦/- નો પગાર મેળવતા હતા. આ ઈજાઓના કારણે અમોને માનસીક આઘાત તથા દુ:ખ વેદના, વ્યથા થયેલ છે અમો અરજદારને ટ્રાન્સપોર્ટીગ ચાર્જીસ પાછળ, સારવાર દરમ્યાન મદદમા માણસ રોકાયા તેની પાછળ રૂા.૧૫,૦૦૦/- તેમજ સ્પેશ્યલ ડાયટસ પાછળ રૂા.૧૫,૦૦૦/- જેટલો ખર્ચો થયેલ છે. અમો અરજદારને ઈજાઓના કારણે અનેક ઓપરેશન થયેલ હોવાના કારણે અમો પથારીવશ બની ગયેલા હોઈ, બે વર્ષ સુધી કોઈ કામ કાજ કરી શકેલા નહી અને બે વર્ષની તમામ આવકની નુકશાની થયેલ છે. હાલમા પણ અમારે સારવાર કરાવવા જવુ પડે છે. તે તમામ આવકની નુકશાનીની રકમ વળતર તરીકે માંગણી કરીએ છીએ. અમો અરજદારના શરીરે અનેક જગ્યાએ કાયમી ખોડખાપણ આવી ગયેલ હોવાના કારણે અમો અરજદારનો હવે પહેલાની જેમ કામ કરી શકતા નથી. અમોને ભારે કામ કરવામા, વજન ઉચકવામા તેમજ તાપમા કામ કરવામા, સતત બેસવામા, ઉભા રહેવામા તકલીફ પડે છે. પેટની ઈજાઓના કારણે અમોને બરાબર પાચક થતુ નથી. અમો હાંફી જઈએ છીએ અને સતત કામગીરી કરી શકતા નથી, અમારો પગ પણ લંગડાય છે, અને અમો અપંગ જેવા બની ગયેલા છે. જેથી અમારી કામ કરવાની શકિતમા ઘણો મોટો ઘટાડો થયેલ હોઈ, અમારી ભવિષ્યની આવકમા પણ ઘણો મોટો ઘટાડો થશે અને અમારા વિકાસની તકો નહીવત બની ગયેલ છે અને અમારે હંમેશા અમારા કામ માટે બીજાની મદદ લેવી પડશે. જેથી અમારી ભવિષ્યની આવકની નુકશાની અમો વળતર તરીકે મેળવવા હકકદાર છીએ. અમો અરજદારને થયેલ ખર્ચાઓ, આવકની નુકશાની તેમજ ભવિષ્યની આવકમા ઘટાડો થશે તેના વિગેરે તમામ પેટે અમોએ આ સામાવાળાઓ પાસેથી વળતરની રકમ રૂા.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજારર પુરાની માંગણી કરી છે. આ કામના સામાવાળા નં.૧ એ સદરહું રીક્ષા છકડાના માલીક છે અને તેઓની નોકરીની ફરજ

દરમ્યાન અમોને ઈજાઓ થયેલી તથા આ કામના સામાવાળા નં.ર એ સદરહું વાહનની વીમા કું.હોય જેથી આ બંને સામાવાળાઓ અમોને વળતર ચુકવવા જવાબદાર છે. અમો અરજદારને અકસ્માત પંચમહાલ જીલ્લામા થયેલ હોઈ તેમજ આ કામના સામાવાળાઓ પણ પંચમહાલ જીલ્લાના રહીશ હોય આ અરજી આપ નામદાર કોર્ટમા ચાલવાપાત્ર છે. સદરહું અરજી ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૫૦૦/– ચોઢેલ છે. આ અરજી અમારે બે વર્ષમા દાખલ કરવી જોઈતી હતી. પરંતુ અમો અરજદારને સદરહું અરજી દાખલ કરવામાં વિલંબ થયેલ હોઈ, તે વિલંબ માફ કરવા માટે અલગથી ઈલાયદી અરજી આપવામાં આવેલ છે. સબબ અરજ કરવાની કે:– ઉપરોકત તમામ કારણોસર અમો અરજદારને આ કામના સામાવાળાઓ પાસેથી વળતરની રકમ રૂા.૫૦,૦૦૦/ અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા અરજી કર્યા તારીખથી વસુલ આવતા સુધી ૧૫% ના ચઢતા વ્યાજ અને ખર્ચ સહીત વસુલ મળે તેવો અમારા લાભમા આ કામના સામાવાળાઓ વિરૂઘ્ઘ હુકમ કરવા મહે. કરશોજી. બીજી યોગ્ય અને ન્યાયી લાગે તેવી અન્ય દાદ અપાવશોજી. આ સાથે વકીલપત્ર તથા દસ્તાવેજો પુરાવાનું લીસ્ટ સામે છે.

(ર) આ કામે સામાવાળાનં.૧ નાઓએ કોઈ લખિત જવાબ રજુ કરેલ નથી.

(૩) આ કામે **આંક–૭** થી સામાવાળાનં.ર નાઓએ જવાબ રજુ કરેલ છે અને તેમા જણાવેલ છે કે, અરજીની તમામ હકકીતો ખોટી છે અને રદ થવાને પાત્ર છે. આ લેખિત જવાબમાં સ્વિકારવામાં આવેલ સિવાયની અરજીની તમામ હકીકતો ખોટી જે સ્વીકારવામાં આવતી નથી. આવી અરજી કાયદાની દ્ષ્ટિએ માન્ય નથી અને બરતરફ થવાને પાત્ર છે. આ અરજીને કાર્યવાહી કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. અરજદારની અરજીના પેરા–૧ ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. કારણકે અરજદાર સામાવાળા નં.૧ ની માલીકીની રીક્ષા છકડા ઉપર લાંબા સમયથી ડ્રાઈવિંગ કરતો હોવાથી તે હકીકતો દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવી જોઈએ. અરજદારની અરજીના પેરા–ર ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. કારણકે તા.૫/૩/૦૬ ના રોજ અરજદાર સામાવાળા નં.૧ ના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો અને તેની રીક્ષા છકડો વિરપુરથી સાથંબા જતી વખતે તેના ઘરેથી બાલાશિનોર જઈ રહયો હતો અને ડ્રાયવિંગ સાઈડથી રીક્ષા છકડા નં.જીજે–૧૭–યુ–૫૦૧૬ કે સામાવાળા નં.૧ ની માલીકીની છે. જે વખતે લાલસર ચોકડીથી પસાર થઈ રહયો હતો તે સમયે સામેથી આવતો એક ટેમ્પો આવતો હોય જેથી રીક્ષા છકડો રોડની સાઈડમાં લેવા જતા રોડ કાચો હોય રીક્ષા છકડો

રોડની નીચે પલટી ખાઈ ગયેલો જેથી અરજદારને શરીરે ગંભીર ફ્રેકચર સહીતની ઈજાઓ થયેલી. જે હકીકતો અરજદારે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવી જોઈએ. અરજદારની અરજીના પેરા−૩ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. અરજદારને અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ ફ્રેકચર જેવી ઈજાઓ થયેલ તે સ્વીકારવામાં આવતી નથી અને તેને કારણે ઓપરેશન કરવામાં આવેલ અને તેને કારણે બાલાશિનોર સરકારી દવાખાનામાં સારવાર લીધા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલ અને લાંબા સમયે સુધી અંદર અને બહારના દર્દી તરીકે સારવાર લીધેલ તે સાચુ નથી અને તે સ્વીકારવામાં આવતુ નથી અને તે સમય દરમ્યાન અરજદારે આરામ કરેલ છે અને રૂ.૫૦,૦૦૦/− જેટલો તબીબી સારવાર અને દવાઓના ઓપરેશનનો ખર્ચ વગેરે અરજદારે મેડીકલ રસીદો રજુ કરી સાબીત કરવો જોઈએ.અરજદારની અરજીના પેરા−૪ ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી. અરજદાર સામાવાળા નં.૧ ના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો અને રૂ.૪૦૦૦/− દર મહીને પગાર હતો તે સ્વીકારવામાં આવતુ નથી જે અને સાચુ નથી. વધુમાં એવુ પણ સ્વીકારવામાં આવતુ નથી કે ઈજાને કારણે અરજદારને માનસિક પીડા થયેલી. વધુમાં એ પણ સ્વીકારમાં આવતુ નથી કે અરજદારને આરામ કરેલ છે અને રૂ.૧૫૦૦૦/− નર્સિગ ચાર્જ અને રૂ.૧૫,૦૦૦/− સ્પેસિયલ ડાયર્ટસ પાછળ ખર્ચ થયેલ હોય આ હકીકતો તેઓએ દસ્તાવેજી પુરાવા, બીલ અથવા વાઉચર રજુ કરીને સાબીત કરવુ જરૂરી છે. અરજદારની અરજીના પેરા−૫ ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી તેમજ અરજદારને શરીરના સમગ્ર ભાગો ઉપર કાયમી આશિંક અપંગતા ભોગવી પડેલ છે જે હકીકત તેઓ વિકલાંગતાનું પ્રમાણપત્ર રજુ કરેને સાબિત કરવુ જરૂરી છે. વધુમાં એ પણ સાચુ નથી અને કબુલ નથી કે, ઈજાઓના કારણે અનેક ઓપરેશન થયેલ હોવાને કારણે પથારીવસ બની ગયેલા હોય અને ર વર્ષ સુધી કોઈ કામ કાજ કરી શકેલ ન હોઈ, અને બે વર્ષની તમામ આવકની નુકશાની થયેલ છે. તે સાચુ નથી અને સ્વીકારવામાં આવતુ નથી. વધુમાં બેસવામાં, ઉભા રહેવામાં અને સખત મહેનત કરવામાં અને વારંવાર માથાના ભાગે દુખાવો રહે છે. આ હકીકતો અરજદારે દસ્તાવેજી પુરાવા રજુ કરીને સાબિત કરવુ જરૂરી છે. વધુમાં એવુ પણ સ્વિકારવામાં આવતુ નથી કે કાયમી ખોડ ખાંપણ આવી ગયેલ હોવાને કારણે અરજદાર પહેલાની જેમ કામ કરી શકતા નથી. ભારે કામ કરવામાં વજન ઉચકાવવા ચાલતી વખતે લંગડાતો હોવાનું સાચુ નથી અને

સ્વીકારવામાં આવતુ નથી. વધુમાં એવુ પણ સ્વીકારવામાં આવતુ નથી કે, વિકલાંતતાના કારણે પહેલાની જેમ કોઈ કામ કરી શકેશે નહી અને ભવિષ્યની સંભવિત આવકનું નુકશાન થશે તે સ્વીકારવામાં આવતુ નથી તે અરજદારે તે અરજદારે વિકલાંતાનુ પ્રમાણપત્ર રજુ કરી સાબિત કરવુ જોઈએ. અરજદારે નુકશાની વળતર મેળવવા હકકદાર નથી. સામાવાાળ નં.ર અરજદારને રૂા.ર,પ૦,૦૦૦/- વતળર ચુકવવા માટે જવાબદાર નથી. અરજદારની અરજીના પેરા-૬ ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું કબુલ નથી સાચુ નથી. વધુમાં સામાવાળા નં.૧ ના કામદાર તરીકે સેવા દરમ્યાન અપંગાતાનો ભોગ બનેલ નથી. તેથી સામાવાળા નં.ર અરજદારને વતળર ચુકવવા માટે જવાબદાર નથી. વધુમાં વિમા કંપનીની એવી રજુઆત છે કે, તેમના તપાસ કરતાના રીપોર્ટ અહેવાલને જોતા રજુઆત દસ્તાવેજો વચ્ચે વિરોધાભાસ છે અને અરજદાર જેના પર આધાર રાખે છે તે પોલીસીની વિવિધ શરતોનો ભંગ છે. તેથી વિમા કંપની કોઈ પણ વળતર માટે જવાબદાર નથી.અરજદારની અરજીના પેરા-૭ ની હકીકતો સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. હાલની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર ઉદભવેલુ નથી. વધુમાં સામાવાળા નં.ર સામે અરજદારની અરજીના પેરા નં.૧૦ માં માંગેલ દાદ મુજબ દાવો કરવા માટે હકકદાર નથી. વધુમાં રૂા.ર,પ૦,૦૦૦/- અથવા કોઈ પણ રકમ અરજીની તારીખથી વસુલાત સુધી ૧પ% ના દરે વ્યાજ સાથે સામાવાળા નં.ર ની પાસેથી ખર્ચ સાથે મેળવવા હકકદાર નથી. વધુમાં ઉપરોકત વાહનનો ડ્રાઈવર એટલે કે અરજદાર જે વાંધા જનક વાહન ચલાવી રહયો હતો તેની પાસે માન્ય અને અસર કારક ડ્રાઈવિંગ લાયસન્સ ન હતુ. અરજદાર પાસે એ.આર. ચલાવવાનું લાયસન્સ નથી પરતું તેની પાસે આર.ટી.ઓ મુજબ એલ.એમ.વી નું લાયસન્સ છે તેથી સામાવાળા નં.ર અરજદારને વતળરની કોઈ પણ રકમ ચુકવવા માટે જવાબદાર નથી. સામાવાળા નં.ર લેખિત નિવેદનમાં ઉમેરવા, સુધારવા, બદલવા તેમજ કાઢી નાખવા માટે અધિકાર અબાધિત રાખેલ છે. આમ, અરજદારની અરજી સામાવાળા નં.ર વિરૂધ્ધ ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>-:મૌખીક પુરાવો:-</u>**

**આંક-૧૯** આ કામના અરજદાર કંકુબેન તે સુરેશભાઈ ભીખાભાઈ મહેરા (ભોઈ) સોગંદનામું રજુ થયેલ છે.

## **−:દસ્તાવેજી પુરાવો:−**

**આંક −૩** અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | તારીખ | આંક/નિશાન |
|---|---|---|---|
| ૧. | અકસ્માત અગે ફરિયાદની નકલ. | ૫/૬/૦૭ | નિ.૩/૧ |
| ૨. | કોઠંબા પો.સ્ટે. જા.નો. નં. ૫/૦૬ મા ટેલીફોની વર્ધીની નકલ. | ૫/૩/૦૬ | નિ.૩/૨ |
| ૩. | ગુનાવાળી જગ્યામાં પંચનામાની નકલ. | ૫/૩/૦૬ | નિ.૩/૩ |
| ૪. | બાલોસિનોર K.m.g જનરલ હોસ્પીટલનું મેડીકલ સર્ટીફીકેટ | ૫/૩/૦૬ | નિ.૩/૪ |
| ૫. | અમદાવાદ સિવીલ હોસ્પિટલનું ડીસ્ચાર્જ કાર્ડની નકલ. | ૨૧/૩/૦૬ | નિ.૩/૫ |
| ૬. | આર.સી.બુકની નકલ. | − | નિ.૩/૬ |
| ૭. | વીમા પોલીસીની નકલ. | ૧૦/૫/૦૬<br>૯/૫/૦૬ | નિ.૩/૭ |
| ૮. | ડ્રાઈવિંગ લાયસન્સની નકલ. | − | નિ.૩/૮ |

**આંક −૧૪** અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક/નિશાન |
|---|---|---|
| ૧. | મરણનો દાખલો. | નિ.૧૪/૧ |
| ૨. | પેઢીનામુ. | નિ.૧૪/૨ |
| ૩. | રેશનકાર્ડની નકલ. | નિ.૧૪/૩ |

**આંક −૧૮** અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક/નિશાન |
|---|---|---|
| ૧. | કોઠંબા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના નં ૫૧/૨૦૦૭ માં આવેલ ફરીયાદની નકલ. | આંક−૨૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનો પંચનામાંની નકલ | આંક−૨૧ |
| ૩. | **GJ 17 U 5016** ગાડી ની આર.સી.બુક. | આંક−૨૧ |
| ૪. | **GJ 17 U 5016** ગાડીનો વીમા પોલીસી. | આંક−૨૨ |

| | | |
|---|---|---|
| ૫. | અરજદારને આવેલ ઈજા અંગેનો સર્ટીફીકેટ | આંક−૨૩ |
| ૬. | અરજદારનો ડીસ્ચાર્જ સર્ટીફિકેટની નકલ. | આંક−૨૪ |
| ૭. | અરજદારને આવેલ કાયમી ખોડ ખાંપણ અંગેનો સર્ટીફીકેટની નકલ. | આંક−૨૫ |
| ૮. | અરજદાર કંકુબેન સુરેશભાઈ મહેરાનો આધાર કાર્ડ | આંક−૨૬ |
| ૯. | અરજદાર જયશ્રીબેન સુરેશભાઈ મહેરાને આધાર કાડ | આંક−૨૭ |
| ૧૦. | અરજદાર અજયકુમાર  સુરેશભાઈ મહેરાને આધાર કાડ | આંક−૨૮ |
| ૧૧. | અરજદાર નિરજકુમાર સુરેશભાઈ મહેરાનો આધાર કાડ | આંક−૨૯ |
| ૧૨. | સુરેશભાઈ ભીખા મહેરાનો ડાયવીંગ લાયસન્સ | આંક−૩૦ |
| ૧૩. | પોલીસ એ લીધેલ જયંતીભાઈ રુધાભાઈ ભોઈનો જવાબ | નિ.૧૮/૧૩ |
| ૧૪. | પોલીસ એ લીધેલ સુરેશભાઈ ભીખાભાઈ ભોઈનો જવાબ | નિ.૧૮/૧૪ |
| ૧૫. | પોલીસ એ લીધેલ અમરાભાઈ ખાતુભાઈ પરમારનો જવાબ | નિ.૧૮/૧૫ |
| ૧૬. | ચાજશીર્ટ | આંક−૩૧ |

(૫) આ કામના સામાવાળા નં.૧તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી. તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૬) આ કામના સામાવાળા નં.૨ તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી.પરંતુ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**−:મૌખીક પુરાવો:−**

આ કામના સામાવાળા નં.૨ તરફે કોઈ મૌખિક પુરાવા સોગદનામું રજુ થયેલ નથી.

**−:દસ્તાવેજી પુરાવો:−**

આંક −૩૩ સામાવાળા નં.૨ તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક/નિશાન** |
|---|---|---|
| ૧. | સામાવાળા એ ઉતારેલ વીમા પોલીશીની નકલ. | નિ.૩૩/૧ |

(૭) સદર અરજી રજુ થતાં અરજદાર તરફે આંક−૪ થી સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલ છે. ત્યારબાદ આંક−૫ થી સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી એસ.પી.મહેતાનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક−૮ થી સામાવાળાઓને કાઢેલ નોટીસની ઓ.સી. રજુ છે. ત્યારબાદ આંક−૯ થી સામાવાળાઓને નોટીસ કાઢેલ તેની ઓ.સી.રજુ છે. ત્યારબાદ અરજદારને નોટીસ કાઢવામાં આવેલ છે જે બજયા અંગેની એકનોલેજમેન્ટ આંક−૧૦ થી રજુ છે. ત્યારબાદ આંક−૧૨ થી વારસ જોડવાની અરજી

છે. ત્યારબાદ આંક–૧૩ થી અરજદાર તરફે વિ.વ.શ્રી બી.આઈ.ઠકકરનું વકીલાતનામુ રજુ છે. ત્યારબાદ અરજદારને ઈન્ટીમેશન નોટીસ કાઢવામાં આવેલ છે જે બજયા અંગેની એકનોલેજમેન્ટ રજુ છે. ત્યારબાદ આંક–૧૭ થી દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી અરજી છે. ત્યારબાદ આંક–૩ર થી સામાવાળા નં.ર તરફે દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી અરજી છે. ત્યાર બાદ આંક– ૩પ થી સામાવાળા નં.ર તરફે કલોઝીંગ પુરસીસ રજુ છે. ત્યારબાદ આ કામે સમગ્ર પુરાવો પુરો થયા બાદ રેકર્ડ જોતા મુદ્દા કાઢવામાં આવેલા નથી. જેથી આંક–૩૬ થી મુદ્દા કાઢવામાં આવેલા છે.

**(૮)** આ કામના અરજદાર તરફે હાજર ન રહેતા મૌખિક દલીલનો હકક બંધ કરેલ છે.

**(૯)** આ કામના સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન રહેતા તેઓનો મૌખિક દલીલનો હકક બંધ કરેલ છે. જયારે આ કામના સામાવાળા નં.ર તરફે વિ.વ.શ્રી એસ.પી.મહેતાનાઓ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર ઈફેકટીવ લાઈસન્સ ધરાવતા ન હતા. વધુમાં આ કામના અરજદાર તરફે કાયમી ખોડ સાબીત કરેલ નથી. પોલીસી ધારકે પોલીસીની શરતનો ભંગ કરેલ છે. વિમા કંપનીની કોઈ જવાબદારી થતી નથી જેથી સામાવાળા નં.ર સામે કોઈ હુકમ થઈ શકે નહી.

**(૧૦)** આ કામે **આંક–૩૬** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું અરજદાર સાબીત કરે છે કે,તેઓ અને સામાવાળા વચ્ચે કામદાર માલીકનો સંબઘ અકસ્માત તારીખે હતો.?

(ર) શું અરજદાર સાબીત કરે છે કે,તેઓને સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજાઓ થયેલી છે.?

(૩) શું અરજદાર સાબીત કરે છે કે,તેઓને થયેલી ઈજાને કારણે તેમને કાયમી/ આશીંક/ પુરી અશકતતા આવેલ છે.?

(૪) શું પગાર તથા ઉંમર અકસ્માત ઈજાની તારીખે અરજદારના હતા?

(પ) શું અરજદાર સામાવાળા પાસેથી અકસ્માત,વળતર,વ્યાજ તથા ખર્ચની રકમ વસુલ મેળવવા હકદાર બને છે?

(૬) શું સામાવાળા પેનલ્ટી માટે જવાબદાર ઠરે છે.?જો હા તો કેટલી.?

(૭) શું હુકમ.?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેનાં ટુંકમાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(ર) નકારમાં.

(૩) નકારમાં.

(૪) પગાર (નકારમાં)ઉમર(૩૪ વર્ષ)

(૫) નકારમાં.

(૬) નકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**(૧૨) મુદૃાનં.૧ તથા ૨ :-**

આ કામે મુદ્દાનં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલ હોઈ તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. આ કામે અરજદાર તરફે તેમની અરજી તથા આંક-૧૯ ના સાહેદે પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોઈ, અને તેમનો રીક્ષા છકડો વિરપુરથી સાઠંબા ફેરવતા હોઈ, સામાવાળા નં.૧ ના રીક્ષા છકડા નં. જીજે-૧૭-યુ-૫૦૧૬ નો લઈને મોજે લાલસર ચોકડી પાસેથી પસાર થઈ રહયા હતા ત્યારે રીક્ષા છકડાની સામેથી એક ટેમ્પો આવતા હોય જેથી રીક્ષા છકડો સાઈડમાં લેતા રીક્ષા છકડો રોડની નીચે પલ્ડી ખાઈ ગયેલ જે અંગેની ફરીયાદ કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુન્હા રજીસ્ટ્રર નં-૫૧/૨૦૦૭ આપવામાં આવેલ. જે અકસ્માતમાં અરજદારને માથાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ ફેકચરની ઈજાઓ થયેલ જે અંગે બાલાશિનોર સરકારી દવાખાનમાં પ્રાથમિક સારવાર લીધેલ. ત્યારબાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલ છે. જયારે આ સાહેદની સામાવાળા નં.૨ તરફે ઉલટ તપાસ લીધેલ છે જેમાં એવી સ્વીકારે છે કે,બનાવ મે નજરે જોયેલ નથી. ઘરેને ઘરે જ ગુજરી ગયા હતા.અમોએ પોસ્ટમોર્ટમ કરાવેલ નથી. મારા પતિ પાસે છકડો રીક્ષા ચલાવવા માટેનું લાઈસન્સ ન હતુ. આ કામે અમોએ જે લાયસન્સ હતુ તે રજુ કર્યુ છે. મારા પતિનું પગાર રૂા.૪૦૦૦/- હોવાનું કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. મારા પતિને સારવાર પાછળ રૂા.૫૦,૦૦૦/- ખર્ચ થયેલ છે તે બતાવવાનું કોઈ બીલ કે કાગળો રજુ કરેલ નથી. જયારે આ કામે આંક-૨૦ વાળી ફરીયાદની નકલ રજુ કરેલ છે. જેમાં બનાવની હકીકત જણાવેલી છે અને તેમાં ઈજા પામનાર સુરેશભાઈ ભીખાભાઈ મહેરા તા.૫/૩/૨૦૦૬ ના રોજ બપોરના ૧૨:૩૦ વાગ્યાના સુમારે રીક્ષા નં.જીજે-૧૭-યુ-૫૦૧૬ નાઓએ ચલાવી એના ગામથી બાલાશિનોર આપવવા નિકળેલા અને લાલસર ચોકડી નજીક ૧:૩૦ ના સુમારે એક ટેમ્પો સામે આવતા સાઈડમાં લેવા જતા પલ્ટી ખાઈ ગયેલ છે. આ બાબત

આંક–૨૧ વાળુ પંચનામુ પણ રજુ થયેલ છે અને તેમા પણ બનાવની જગ્યાએ લાલસર ચોકડી નજીક કે.બી. પટેલ હાઈસ્કુલની પાછળના ભાગે રોડ ઉપર આવેલી છે. જયારે આ કામે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર રહેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. જેથી તેઓના જવાબનો હકક બંધ કરેલ છે. તેમજ કોઈ મૌખિક કે લેખિત પુરાવો પણ રજુ કરેલ નથી. પરંતુ આ કામે ફરીયાદના અનુસંધાને સામાવાળા નં.૧ નો જવાબ તા.૬/૩/૦૬ ના રોજ લેવામાં આવેલ છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, મે એક રીછા છકડા નં. જીજે–૧૭–યુ–૫૦૧૬ નો લીધેલ છે અને તેના ઉપર ડ્રાઈવર તરીકે મારા સાઢુ ઉદાભાઈ ભીખાભાઈ બાટ જોધપુરના છે. તેના ભાઈ સુરેશભાઈ ભીખાભાઈ ડ્રાઈવિંગ જાણતા હોય જેથી મે તેમને મારી રીક્ષા છકડો આપેલ હતો.જો કે,કામદાર માલીકનો સંબધ પુરવાર કરવા માટે કાયદામાં અમુક માત્રામાં પુરાવો રજુ કરવોજ પડે તેવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી તેમ છતા જયારે સામાવાળા દવારા સ્પસ્ટ પણે કામદાર ના હોવાની તકરાર લીધેલ હોય ત્યાંરે તો અરજદાર ઉપર પોતાની હકીકત પુરવાર કરવાનો પુરાવો રજુ કરવાનો બોજો વધી જાય છે,તેમ છતા આ કામના અરજદાર દવારા આ મહત્વની એવી હકીકત પુરવાર કરવા યોગ્ય,પુરતો અને આધારભુત પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આ કામના અરજદાર દવારા હાલનો વળતરનો કેસ દાખલ કરતા પહેલા આ કામના સામાવાળાને કોઈ વળતરની રકમ માંગણી કરતી નોટીસ આપેલ નથી જો કે આવી નોટીસ આપવાનું કાયદા મુજબ ફરીજીયાત હોય શકે પરંતું આવી નોટીસ નહી આપવાથી આ કામના સામાવાાળા દવારા અરજદારની વળતરની માંગણીનો ખુલાસો હાલની અરજી દાખલ કરતા પહેલા થઈ શકેલ નથી જેથી આવી નોટીસ નહી આપવાથી ચોકકસથી આ કામના સામાવાાળા ખરેખર અરજદારના માલીક હતા કે કેમ તે બાબત બાબત ઉપર પ્રશ્નાર્થ ઉભો કરે છે. આ કામના સામાવાળાનં.૨ દવારા અરજદાર સામાવાળા નં.૧ ના કામદાર ના હોવાની તકરાર લીધેલ છે. આ કામે રેકર્ડ જોવામાં આવે તો આંક–૨૦ ની ફરીયાદ આ કામના અરજદારની વિરૂધ્ધ આપવામાં આવેલી છે. વધુમાં આ કામના સામાવાળા નં.૧ ના એ જવાબ રજુ કરેલ નથી પરંતુ અકસ્માત ફરીયાદના કામે તેઓનો જવાબ લેવામાં આવેલ છે જે નિ. ૧૮/૧૩ થી રજુ છે અને તેમાં જણાવ્યા મુજબ આ કામના અરજદારને ડ્રાઈવિંગ જાણતા હોવાથી સામાવાળા નં.૧ ના એ રીક્ષા છકડો આપેલ હતો તેવુ જણાવેલ છે. પરંતુ આ હકીકતથી એવુ સાબિત થતુ નથી કે આ કામના અરજદાર આ કામના સામાવાળા ન.૧ ને ત્યાં ડ્રાયવર તરીકે કામ કરતા હતા. જેથી આ કામના અરજદાર સામાવાળા નં.૧ ના

કામદાર હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. પરંતુ આ કામે અકસ્માત બનેલ છે તે હકકીત છે. પરંતુ આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાયવર તરીકે કામગીરી કરતા હોય તે પુરવાર થયેલ ન હોઈ, **મુદ્દાનં.૧ તથા ૨** નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૩) મુદ્દાનં.૩ ::–**

આ કામના અરજદાર દવારા પોતાની અરજીમાં તેઓને અકસ્માતને કારણે ઈજાઓ થયેલ અને તેઓને કામચી ખોડ રહી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે જયારે ચાલતા કામે અરજદાર તા.૪/૧૧/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ છે જેથી ગુજરનાર અરજદારના પત્નિએ આંક–૧૯ થી સોગંદ ઉપર સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે અને તેઓના આ મૌખીક પુરાવાને આ કામના સામાવાળાનં.ર નાઓ ઉલટતપાસમાં પડકારવામાં આવેલ છે જેમાં પણ અરજદારને અકસ્માત થવાથી ઈજા ને કારણે કાયમી ખોડ રહી ગયેલ હોવાની હકીકતને વળગી રહેલ છે,આ સીવાય અરજદાર તરફે ઈજાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમાં તેઓને થયેલ ઈજાઓને સમર્થન મળે છે આ સીવાય પણ તેઓ દવારા તેઓને આવેલ ખોડ પુરવાર કરવા માટે ડો.દિનેશ એમ.સોલંકીનું ખોડનું પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમાં ડો.દવારા તેઓને ૪૨ % ખોડ આવેલ હોવાનું જણાવેલ છે, અરજદાર દવારા આવા ખોડનું પ્રમાણપત્ર આપનાર ડોકટરને આ કામના અરજદાર દવારા તપાસવામાં આવેલ નથી આ બાબતે કેસનું રેકર્ડ જોતા ખોડનું પ્રમાણપત્ર નિ.૧૮/૭ થી રજુ થયેલ છે જે જોતા તેમાં જણાવેલ ઈજાઓ જોતા આ ઈજાઓ કાયદામાં દર્શાવેલ શીડયુલમાં જણાવેલ મુજબની ઈજાઓ હોવાનું ફલીત થતુ નથી તેમજ આ બાબતે કાયદાની જોગવાઈ જોવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

કલમ–૪ ની પેટા કલમ

(c) where permanent partial disablement result from the injury:

(i) in the case of an injury specified in Part II of Schedule I, such percentage of the compensation which would have been payable in the case of permanent total disablement as is specified therein as being the percentage of the loss of earning capacity caused by that injury; and

(ii) in the case of an injury not specified in Schedule I, such percentage of the compensation payable in the case of permanent total disablement as is proportionate to the loss of earning capacity (as assessed by the qualified medical practitioner) permanently caused by the injury;

આમ ઉપરોકત કલમ જોતા જયારે શીડયુલમાં જણાવેલ ઈજાઓ ના હોય તેવી ઈજાઓ થયેલ હોય તેવા સંજોગોમાં આવી ઈજાઓના કારણે કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો ઘ્યાને લેવાનો રહે,વઘુમાં આવી ઈજાના તથા ખોડના પુરાવા માટે આવું પ્રમાણપત્ર માત્ર રજુ થવુ જરૂરી નથી પરંતું આવું

પ્રમાણ પત્ર આપના ડોકટરને તપાસવો જોઈએ કારણ કે,તો જ સદર પ્રમાણપત્રની યથાર્થતા ઉલટ તપાસ દવારા ચકાસી શકાય પરંતું આ કામે આવા ડોકટરને તપાસવામાં આવેલ નથી તેમજ આવા ડોકટર ઉપલબ્ધ ના હોવાની પણ કોઈ રેકર્ડ પર આવેલ નથી તેમજ જયારે સામાપક્ષ દવારા આ પ્રમાણપત્ર નો સ્વીકાર કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં સદર પ્રમાણપત્ર આપનાર ડોકટરને તપાસ્યા સીવાય આ પ્રમાણપત્ર પુરવાર થયેલાનું માની શકાય નહી,વધુમાં એક વાર દલીલ ખાતર માની લેવામાં આવે કે,પ્રમાણપત્ર મુજબની તેઓને અસમર્થતા આવેલ હતી તો પણ આવી સ્થીતીમાં તેઓ પોતે કરતા હતા તેવી કામગીરી ના કરી શકે તેવો કોઈ બીજો પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને પ્રમાણ પત્રમાં જણાવેલ ઈજાઓ કાયમી પ્રકાર ની જણાતી નથી તેમજ જે ઈજાઓ શીડયુલમાં જણાવેલ નથી તેવી ઈજાઓ બાબતે ખોડ એટલે કે જેના કારણે ઈજા પામનાર જે કામ કરતો હતો તે કરી શકવા અસમર્થ બને તેમજ આવી ઈજાઓને કારણે ઈજા પામનારની કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થયેલ હોવાનું પણ એટલે જ અગત્યનું છે,હાલના કેસમાં પ્રમાણપત્રમાં જણાવેલ ખોડ ૪૨ % ના કારણે ઈજા પામનાર કામગીરી ના કરી શકે તેવો પુરાવો જોતા જણાતું નથી તેમજ આ કામે સામાવાળા દવારા આ પ્રમાણપત્ર ગ્રાહય રાખેલ નથી. જેથી જયારે અરજદાર તરફે ડોકટરને તપાસેલ નથી તેવા સંજોગોમાં આવી કોઈ બાબત અંગે સામાપક્ષને ઉલટતપાસ કરવાની તક પણ મળેલ નથી જેથી અરજદાર દવારા રજુ કરવામાં આવેલ પ્રમાણપત્ર મુજબની ૪૨ % આંશીક કામચી અસમર્થતા આવેલ હોવાનું માની શકાય નહી કે અદાલત આવી કોઈ ખોડ બાબતે કોઈ અનુમાન કે તર્ક પણ લગાડી શકે નહી કે આવક કરવાની ક્ષમતામાં કેટલો ઘટાડો થયેલ છે તે નકકી કરી શકાય નહી,કારણ કે,અસમર્થતા કેવી રીતે ગણવી,કેટલી ઈજા બાબતે કેટલી અસમર્થતા નકકી કરવી તેમજ કેવી ઈજા માટે કેવી રીતે આવી અસમર્થતા નકકી કરવી એ બાબતનો નિર્ણય અદાલત કરી શકે નહી તેટલા માટે જ કાયદામાં શીડયુલ આપેલ છે અને તે સીવાયની ઈજાઓ માટે આવા અસમર્થતા બાબતના રજીસ્ટ્રર્ડ મેડીકલ પ્રેકટીશન્રના પુરાવાની આવશ્યકતા રહેલ છે અને આવી આવશ્યકતા પુર્ણ થયેલ ના હોય તેવા સંજોગોમાં આ કામ ના અરજદાર તેઓને અકસ્માતને કારણે થયેલ ઈજાઓ ને કારણે ૪૨ % ખોડ એટલે કે,કામ કરવાની અસમર્થતા આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ હોવાનું માની શકાય નથી,વધુમાં અરજદાર તરફેની દલીલ સાંભળવાના તબકકે અદાલત દવારા આ કામે પ્રમાણપત્ર આપનાર ડોકટરને નહી તપાસેલ હોવાની બાબત તરફે અરજદારના વકીલશ્રીનું ઘ્યાન દોરવામાં આવેલ હતું અને તે બાબતે તેઓને કવેરી પણ કરવામાં આવેલ હતી તેમ છતા તેઓ દવારા રજુ કરેલ પ્રમાણ પત્ર ઘ્યાને લઈ યોગ્ય હુકમ કરવાની રજુઆત કરેલ હતી પરંતું પ્રમાણપત્ર આપનાર ડોકટરને નહી તપાસવા બાબતે કોઈ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નહી.આ બાબતે અદાલતના ઘ્યાન ઉપર અન્ય કેસમાં વિમાકંપની તરફે રજુ કરેલ ઓથોરીટી આવેલ છે જે નામદાર ગોવાહાટી હાઈકોર્ટની ઓથોરીટી ઘ્યાને લેતા તેમાં અરજદાર કામદાર દવારા તેઓને થયેલ ઈજાઓ

બાબતે કામદાર વળતર ધારા હેઠળ અરજી કરેલ હતી જેમાં મજુર અદાલત દવારા તેઓને ૩૦% ખોડ આવેલ હોવાનું માની ને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ હતો જેમાં વિમાકંપની દવારા નામદાર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી જેમાં ખોડનું પ્રમાણપત્ર આપનાર ડોકટરને કેસમાં તપાસેલ ના હોવાની તકરાર લેવા માં આવેલ હતી જેમાં નામદાર હાઈકોર્ટ દવારા કમિશ્નરશ્રી દવારા કવાલીફાઈડ મેડીકલ પ્રેકટીશ્નર ને તપાસ્યાં વગર કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો નકકી કરવામાં ભુલ કરેલ છે ? તેવો મુદો ઉપસ્થીત કરેલ હતો જે મુદાનો નિર્ણય હકારમાં આપીને અરજદાર દવારા રજુ કરવામાં આવેલ પ્રમાણપત્રના આધારે કમિશ્નરશ્રી જાતે કમાવાની ક્ષમતામાં આવેલ ઘટાડો નકકી કરી શકે નહી તેમ ઠરાવેલ અને કેસ રીમાન્ડ કરવામાં આવેલ હતો,આમ આ ચુકાદા અનુંસંધાને હાલના કેસની હકીકતો જોતા આ કામે અરજદાર દવારા પણ ખોડની આકારણી કરનાર ડોકટરને તપાસેલ નથી,આમ આ તમામ કારણોસર આ કામના અરજદાર કમાવાની ક્ષમતામા થયેલ ઘટાડા બાબતે પ્રમાણપત્ર આપનાર ડોકટરના પુરાવાના અભાવે નિ.૧૮/૭ થી રજુ થયેલ ખોડનું પ્રમાણપત્ર પુરવાર કરી શકેલાનું તેમજ આ પ્રમાણપત્ર મુજબ અરજદારની કમાવાની ક્ષમતામાં ઘટાડો થયેલ હોવાનું પુરવાર કરી શકેલ ના હોય **મુદ્દાનં.૩** નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં.૪ ::–**

આ કામના અરજદા દવારા અરજીમાં બનાવ વખતે તેઓ આ કામના સામાવાળાનં.૧ ને ત્યાં ડ્રાયવર તરીકે નોકરી કરતા અને માસિક રૂા.૪૦૦૦/– નો પગાર મેળવતા હતા. પરંતુ અરજદાર તરફે પગાર બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જયારે મુદાનં.૧ તથા ૨ ના નિર્ણયો ઘ્યાને લેતા આ કામના અરજદાર સામાવાાળાના કામદાર હોવાનું પુરવાર થયેલ ના હોય અરજદારની આવક માસિક રૂા.૪૦૦૦/– હોવાનું પુરવાર થતુ નથી.

આ કામના અરજદાર દવારા તેઓની અરજીમાં તેઓની ઉમર ૩૨ વર્ષની જણાવેલ છે. તેમજ ડ્રાઈવિંગ લાઈસન્સમાં તેઓની જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૧ જણાવેલ છે. જેથી અરજદારની બનાવ સમયે ઉમર ૩૪ વર્ષની છે. આ કામના અરજદાર સામાવાળાના કામદાર હોવનું પુરવાર થયેલ ના હોય તેઓની ઉમર નકકી કરવાથી પણ અરજીના ગુણદોષમાં કોઈ વિશેષ ફરક પડી શકે તેમ ના હોય આ કામના અરજદારની ઉમર.૩૪ વર્ષની હોવાનું ઠરાવામાં આવે છે અને તે મુજબ **મુદ્દાનં. ૪** નો નિર્ણય કરવામાં આવે છે.

**(૧૫) મુદ્દા નં.૫ તથા ૬ સંયુકત ::–**

આ કામના અરજદાર બનાવ સમયે અરજદાર તથા સામાવાળાનં.૧ વચ્ચે કામદાર માલીકના સંબધો હોવાની,તેમજ સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન અને આવી નોકરી ને કારણે તેમજ નોકરીના સમય

દરમ્યાન તેઓને અકસ્માત થતા તેઓને ઈજા થયેલ હોવાનું તેમજ અરજદાર ની બનાવ વખતે માસિક રૂા.૪૦૦૦/–ની આવક હોવાનું પુરવાર થયેલ નથી અને અરજદારની બનાવ વખતે ઉમર ૩૪ વર્ષની હોવાનું રેકર્ડ પર આવેલ છે તેમજ આ કામના અરજદાર દવારા તેઓને થયેલ ઈજાઓના કારણોસર તેઓની કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો થયેલ હોવા બાબતે તેઓની કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો તેઓ તરફે ખોડનું પ્રમાણપત્ર રજુ કરેલ છે તે આપનાર ડોકટરને તપાસેલ ના હોય પુરવાર કરી શકેલ નથી અને હાલની અરજી કામદાર વળતર ધારા હેઠળની હોય આવા કેસમાં જો કામદારની કમાવાની ક્ષમતામાં ઘટાડો થયેલ ના હોય તો તેઓ કોઈ વળતર મેળવવા હકદાર થાય નહી અને હાલના કેસમાં પણ અરજદાર દવારા ઈજાઓ થવાના કારણે તેઓની કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો કે કાયમી કે આશીંક અસમર્થતા પુરવાર કરી શકેલ નથી સામાન્ય સંજોગોમાં હાલનો કાયદો કામદારોના રક્ષણ અને વળતર આપવા માટેનો હોય તેમાં વધારે ટેકનીકલ થવાની જરૂરીયાત રહેતી નથી અને લીબરલ વ્યું રાખીને નિર્ણય કરવાનો હોય છે પરંતું હાલના કેસમાં એમ કરવું શકય નહી કારણ કે,અહી આવો લીબરલ વ્યું રાખવાથી કુદરતી ન્યાયના તેમજ કાયદાના મુળભુત સિધ્ધાનો ભંગ થાય છે જે કાયદાની વિરૂધ્ધ હોય તેને અવગણી શકાય તેમ નથી તેમજ આ કામના અરજદારને થયેલ ઈજાઓ અને તેના કારણોસર તેઓને થયેલ આર્થીક અને શારીરીક અને માનસીક તકલીફનો અંદાજ લગાવી શકાય તેમ છે અને આ બાબતે ચોકકસથી અદાલતને અરજદાર સાથે સહાનુંભુતી હોઈ શકે પરંતું આવી કોઈ પણ સહાનુંભુતી કાયદાનું કે પુરાવાનું સ્થાન લઈ શકે નહી,આ કામના અરજદારતો સામાવાળાના કામદાર હોવાનું પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં આ કામના અરજદાર વળતર મેળવવા હકદાર થતા ના હોય તેઓ સામાવાળા પાસેથી પેનલ્ટી પેટે પણ કોઈ રકમ મેળવવા હકદાર થાય નહી તેવા સંજોગોમાં અરજદાર કોઈ વળતર,વ્યાજ કે ખર્ચ કે પેનલ્ટીની રકમ મેળવવા હકદાર થાય નહી તેમજ જયારે આ કામના સામાવાળાનં.૧ નાઓ કોઈ વળતર કે પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થતા ના હોય સામાવાળાનં.૨ ની પણ કોઈ જવાબદારી ઉપસ્થીત થતી નથી જે સંજોગોમાં આ કામના અરજદાર આ કામના સામાવાળા પાસેથી વળતર, વ્યાજ,કે ખર્ચની કોઈ રકમ મેળવવા હકદાર થતા ના હોય અને વિમા કંપનની પણ કોઈ જવાબદારી થતી ના હોય **મુદાનં.૫** તથા **મુદ્દાનં.૬** નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૬) મુદ્દા નં.૭ ::–**

આ કામે ઉપર મુદાઓના કારણો તથા નિર્ણયો ઘ્યાને લેતા આ કામના અરજદાર,સામાવાાળના કામદાર હોવાનું તેમજ તેઓને થયેલ ઈજાઓને કારણે તેઓની કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો પુરવાર કરી શકેલ ના હોય અરજદાર વળતરની રકમ,વ્યાજ તથા પેનલ્ટી ચુકવવા જવાબદાર થતા ના હોવાનું ઠરાવેલ

છે તે સંજોગોમાં આ કામના સામાવાળાનં.ર ની પણ કાયદા મુજબ આ પૈકી કોઈ રકમ ચુકવવાની જવાબદારી થતી ના હોય આ તમામ કારણોસર **મુદ્દાનં.૭** લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના અરજદારની હાલની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજ રોજ આ હુકમ **તા.૨૪/૧૦/૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

**સ્થળ: ગોધરા.**
**તા: ૨૭/૦૧/૨૦૨૫**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**કમીશ્નર ફોર**
**વર્કમેન કોમ્પેન્શેશન એકટ**
**એન્ડ જજ, લેબર કોર્ટ, ગોધરા.**